# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરળની મુલાકાતે - તિરુવનંતપુરમમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે.

2) કેન્યા ખાતે આયોજિત ભારત-કેન્યા સરક્ષણ પ્રદર્શન - સેમિનારમાં 21 ભારતીય સંરક્ષણ ઉત્પાદન કંપનીઓએ ભાગ લીધો

3) UAEમાં યુક્રેન, રશિયા અને અમેરિકા યુદ્ધ રોકવા અંગેની બેઠક કરશે.

4) ઇન્ડોનેશિયા માસ્ટર્સ બેડમિન્ટનમાં પી.વી સિંધુ અને લક્ષ્ય સેન ક્વાર્ટર ફાઇનલ રમશે.

5) નેતાજી સુભાષ ચંદ્ર બોઝની 129મી જન્મજયંતિ નિમિતે દેશભરમાં આજે પરાક્રમ દિવસની ઉજવણી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM KERLA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરળની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી તિરુવનંતપુરમમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને લીલી ઝંડી આપશે. તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધન કરશે.

આ પ્રોજેક્ટ્સ રેલ કનેક્ટિવિટી, શહેરી આજીવિકા, વિજ્ઞાન અને નવીનતા, નાગરિક-કેન્દ્રિત સેવાઓ અને અદ્યતન આરોગ્યસંભાળ સહિતના સુવિધાઓનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ

V/C – KERLA PM AANAND

# PRESIDENT OF BRAZIL

ગઈકાલે બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ટેલિફોન પર વાત કરી. બંને નેતાઓએ ભારત-બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને આગામી વર્ષમાં તેને વધુ ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે બંને નેતાઓએ વેપાર અને રોકાણ, ટેકનોલોજી, સંરક્ષણ, ઉર્જા, આરોગ્ય, કૃષિ અને લોકો વચ્ચેના સંબંધો સહિત દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોમાં થયેલી નોંધપાત્ર પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે તેઓ રાષ્ટ્રપતિ લુલાનું ભારતમાં વહેલા સ્વાગત કરવા આતુર છે.

## VAISHNAW - GROWTH

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વ્યક્તિગત નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવેલા ઊંડા માળખાકીય સુધારાઓને કારણે ભારતની સુધારા યાત્રા મજબૂત રીતે આગળ વધી રહી છે.

સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠકમાં બોલતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે વિવિધ ક્ષેત્રોમાં હાથ ધરવામાં આવેલા મોટા સુધારાઓએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે, જેના કારણે વૈશ્વિક કંપનીઓ ભારતમાં તેમના રોકાણમાં વધારો કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે, જેનો વિકાસ દર આગામી પાંચ વર્ષમાં 6 થી 8 ટકા રહેવાનો અંદાજ છે. વર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતાઓનો ઉલ્લેખ કરતા, તેમણે ભૂ-રાજકીય, ભૂ-આર્થિક અને ભૂ-તકનીકી ઉથલપાથલ વચ્ચે સ્થિતિસ્થાપકતા વધારવા માટે આંતરિક ક્ષમતાઓને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## DEFENCE SEC- KENYA

સંરક્ષણ ઉત્પાદન સચિવ સંજીવ કુમારે કેન્યાના સંરક્ષણ દળોને ભારતીય સંરક્ષણ કંપનીઓ સાથે સહયોગ માટે તકો શોધવા અનુરોધ કર્યો છે. તમણે કેન્યાની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન નૈરોબીમાં ત્રીજા ભારત-કેન્યા સંરક્ષણ

પ્રદર્શન અને સેમિનારમાં ભારતના સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમની મજબૂત ક્ષમતાઓ પર પ્રકાશ પાડ્યો. શ્રી કુમારે બંને દેશો વચ્ચે લાંબા ગાળાના સંબંધોને મજબૂત બનાવવા માટે પરસ્પર સહયોગ માટે હાકલ કરી.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ત્રીજા ભારત-કેન્યા સંરક્ષણ પ્રદર્શનમાં એકવીસ ભારતીય સંરક્ષણ કંપનીઓએ જહાજ નિર્માણ, સશસ્ત્ર વાહનો, યુએવી, મિસાઇલ સિસ્ટમ્સ, શસ્ત્રો, દારૂગોળો, સાયબર સુરક્ષા અને સુરક્ષા પ્રણાલીઓ સહિતના વિશિષ્ટ ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું.

# VENEZUELAN-OIL-INDIA

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નિયંત્રિત માળખા હેઠળ ભારતને વેનેઝુએલાના તેલ વેચવા તૈયાર છે. કારાકાસ અને વોશિંગ્ટન વચ્ચે આ અઠવાડિયે 2 અબજ મૂલ્યના વેનેઝુએલાના ક્રૂડ, લગભગ 30-50 મિલિયન બેરલ, અમેરિકામા નિકાસ કરવા માટે કરાર થયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

અમેરિકન પ્રતિબંધો દ્વારા વેપારમાં ઘટાડો થયો તે પહેલાં ભારત વેનેઝુએલાના ક્રૂડનો મુખ્ય ખરીદદાર હતો. માંગમાં સતત વૃદ્ધિ વચ્ચે નવી શક્યતા ભારતની ઊર્જા આયાતને વૈવિધ્યસભર બનાવવામાં મદદ કરી શકે છે.

જ્યારે વેનેઝુએલામાં વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર આવેલો છે, ત્યારે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ઊર્જા ગ્રાહકોમાંનો એક છે અને તેની તેલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આયાત પર ભારે આધાર રાખે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## TRILATERAL MEETING IN THE U. A. E.

**યુક્રેન, અમેરીકા અને રશિયા આજે અને આવતીકાલે યુ. એ. ઈમાં ત્રિપક્ષીય બેઠક યોજવા જઈ રહ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું કે, 2022ના આક્રમણ પછી આ પહેલી વાર છે જ્યારે ત્રણેય દેશોના પ્રતિનિધિમંડળો યુદ્ધના અંત અંગે ચર્ચા કરવા માટે એકસાથે મળશે.**

**શ્રી ઝેલેન્સકીએ દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત બાદ આ જાહેરાત કરી હતી. ટ્રમ્પે તેમની ચર્ચાને સકારાત્મક ગણાવી અને ભાર મૂક્યો કે યુદ્ધનો અંત આવવો જ જોઇએ. આ પછી, રાજદૂત સ્ટીવ વિટકોફ અને જૅરેડ કુશનર સહિત અમેરિકી પ્રતિનિધિઓ સમિટ માટે અબુ ધાબી જતા પહેલા મોસ્કો જવાના હતા. ઝેલેન્સકીએ જણાવ્યું કે વાટાઘાટો એક મહત્વપૂર્ણ પગલું છે અને સફળતા માટે રશિયા સહિત તમામ પક્ષો સમાધાન માટે**

તૈયાર રહેવાની જરૂર છે. યુએઈમાં બેઠક કેદીઓની આપ-લેનો પણ સમાવેશ થાય છે.

# RAIPUR FESTIVAL

છત્તીસગઢમાં, રાજ્યની રાજધાની રાયપુરમાં આજથી સાહિત્ય મહોત્સવ શરૂ થઈ રહ્યો છે. 25 જાન્યુઆરી સુધી ચાલનારા આ મહોત્સવનું ઉદ્ઘાટન રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ કરશે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ આ કાર્યક્રમની અધ્યક્ષતા કરશે.

સાંભળીએ એક અહેવાલ....

V/C - RAIPUR SAHITYA

# BADMINTON

બેડમિન્ટનમાં, ટોચના ભારતીય ખેલાડી પી.વી સિંધુ અને લક્ષ્ય સેન ગઈકાલે જકાર્તામાં ઇન્ડોનેશિયા માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા હતા.

મહિલા સિંગલ્સમાં, પીવી સિંધુએ ડેનમાર્કની લાઇન હોજમાર્ક કજાર્સફેલ્ડટને 21-19, 21-18થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પુરુષોની સિંગલ્સમાં, લક્ષ્ય સેન પણ હોંગકોંગના જેસન ગુનાવાનને 21-10, 21-11થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, ગુજરાત જાયન્ટ્સે ગઈકાલે UP વોરિયર્ઝને 45 રનથી હરાવ્યું. ગુજરાત જાયન્ટ્સ 154 રનના લક્ષ્યનો પીછો કરતા, UP વોરિયર્ઝની ટીમ માત્ર 17.3 ઓવરમાં 108 રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

અગાઉ, બેટિંગમાં ઉતરેલી, ગુજરાત જાયન્ટ્સે 20 ઓવરમાં આઠ વિકેટે 153 રન બનાવ્યા હતા. ગુજરાત જાયન્ટ્સ માટે સોફી ડિવાઈને 50 રન, જ્યારે UP વોરિયર્ઝ માટે ફોબી લિચફિલ્ડે 32 રનનું યોગદાન આપ્યું. રાજેશ્વરી ગાયકવાડે 3 વિકેટ ઝડપી હતી. રાજેશ્વરીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

# PARAKRAM DAY-2026

સંસ્કૃતિ મંત્રાલય આજથી નેતાજી સુભાષ ચંદ્ર બોઝની 129મી જન્મજયંતિ નિમિત્તે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પરાક્રમ દિવસ-2026નું આયોજન કરી રહ્યું છે.

આ ઉજવણી સ્વતંત્રતા સેનાની બોઝના જીવન અને વારસા સાથે સંકળાયેલા દેશભરના 13 અન્ય સ્થળોએ યોજાશે. તે હિંમત, બલિદાન અને દેશભક્તિના તેમના કાયમી વારસાનું પણ સન્માન કરે છે.

મંત્રાલયે જણાવ્યું કે, આ ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રદર્શનો અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા નાટ્ય પ્રદર્શન રજૂ કરવામાં આવશે.

# VASANT PANCHAMI

દેશના વિવિધ ભાગોમાં આજે વસંત પંચમી અને સરસ્વતી પૂજાનો તહેવાર ધાર્મિક ઉત્સાહ અને પરંપરાગત ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. નાના મોટા સૌ મળીને જ્ઞાનની દેવી સરસ્વતીની પૂજા કરે છે.

આ તહેવાર વસંતના આગમનને પણ દર્શાવે છે - નવી શરૂઆત અને પ્રકૃતિની સુંદરતાની ઉજવણીનો સમય ગણાય છે

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ આજે હિમાચલ પ્રદેશ, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, પંજાબ અને ઉત્તરાખંડમાં વાવાઝોડા, કરા, તોફાની પવન અને વીજળી સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન અને પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં વાવાઝોડા, કરા અને તોફાની પવનોની પણ આગાહી કરી છે. વધુમાં, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ગાઢ ધુમ્મસ છવાઈ જવાની શક્યતા છે.

હવામાન વિભાગ અનુસાર, આગામી 12 કલાકમાં ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં વિવિધ સમાચારો મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે – ગાઝા માટે ટ્રંપના બોર્ડ ઓફ પીસથી ભારત દૂર રહ્યું
- સંદેશ લખે છે – બંગલાદેશની જીદ : ટી ટ્વેન્ટી વર્લ્ડ કપમાથી બહાર
- દિવ્ય ભાસ્કર લખે છે – ભારતના એન્ટ્રી ડ્રોન શિલ્ડ પર પાકની નજર, ઓપરેશન સિંદુર પછી 800 ડ્રોન મોકલ્યા
- ગુજરાત સમાચારે – બજેટમાં સોના ચાંદી પર ઇમ્પોર્ટ ડ્યુટીની અફવાએ રોકાણકારોને રડાવ્યા આ સમાચારને હેડલાઇનમાં લીધા છે.
- ગુજરાત હાઈકોર્ટે ગુજરાતીમાં દલીલ કરવાની પક્ષકારની અરજી ફગાવી આ સમાચારને વિવિધ અખબારોએ સ્થાનિક પાને સ્થાન આપ્યું છે.